# દ્વાર ને દિવાલ વચ્ચે ખૂલવાનું છે આ વિરોધાભાસ લૈને જીવવાનું છે

ગુજરાત સાહિત્ય અકાદમી અંતર્ગત વલી ગુજરાતી કેન્દ્ર દ્વારા ગુજરાતી સાહિત્ય પરિષદના રા વિ પાઠક સભાગૃહમાં તા. ૨૮-૩-૨૦૧૨ના રોજ સાંજે સાત વાગ્યે એક મુશાયરાનું આયોજન થયેલું.

આ મુશાયરાના આરંભે અકાદમીના મહામાત્ર અને કવિ હર્ષદ ત્રિવેદીએ સર્વ ગઝલકારોને આવકારતાં જણાવ્યું કે અહીં ઉપસ્થિત ગઝલકારો ગુજરાતી ગઝલની નક્ષત્ર માળા છે, મેઘધનુષ્ય છે. આ સૌ માટે ગુજરાતી ભાષાને ગૌરવ છે. સૌને આવકાર આપી બધા સર્જકોનું પુસ્તકથી સ્વાગત કર્યું હતું. ત્યારપછી મુશાયરાનું સંકલન જાણીતા ગઝલકાર રાજેશ વ્યાસે 'મિસ્કીન' એમની લાક્ષણિક શૈલીમાં કરતાં પ્રત્યેક ગઝલકારને પોતાની ચાર ગઝલો રજૂ કરવા માટે નિમંત્ર્યા હતા.

આ મુશાયરામાં પ્રસ્તુત થયેલા થોડા શેર :

ત્રાટકી જળની જડી ને મા મને તું સાંભરી
ગામમાં દિ' રાતમાં એકાકાર કરતી હેલીએ
ગાય આંગણમાં ખડી ને મા મને તું સાંભરી
- કિસન સોસા

દ્વાર ને દિવાલ વચ્ચે ખુલવાનું છે
આ વિરોધાભાસ વચ્ચે જીવવાનું છે
- ભરત વિંઝુડા

જીવવા જેવું ય ક્યાં જીવાય છે
શ્વાસ જેવા શ્વાસ હાંફી જાય છે
આંગણી ને આંગળી અડકી ગઈ
વીજળીના તાર ભેગા થઈ ગયા
- ખલીલ ધનતેજવી

ડાળ-ડાળ કેવા ડોલે છે, આખું અંતરતમ ખોલે છે
ભાતી ભાતીનો મેળો મળ્યો, સહુ સહુની બોલી બોલે છે
- રાજેન્દ્ર શુક્લ

દશ્યો છે બેસુમાર છે, આંખો છે કે વખાર છે
નામ જવા દે ઈશ્વરનું, ગામ આખાનો ઉતાર છે
- ચિનુ મોદી

એક છત નીચે બધાના થઈ ગયાં જ્યાં મન જુદાં
એકની એક ઘટે ઘટના છતાંય વર્ણન જુદાં
- રાજેશ વ્યાસ 'મિસ્કીન'

દેરી મંદિર શોધી શોધી લોક નિરંતર ફર્યા કરે છે
રોજ રોજ સરનામું બદલી જાણે ઈશ્વર ફર્યા કરે છે
- રાજેશ વ્યાસ 'મિસ્કીન'

પૂર્વજોએ જે કર્યું એને અનુસરવું નથી
નિર્ણયો ખોટા લઈ તકલીફમાં પડવું નથી
- જલન માતરી

એક પાંદડું યે હાલતું નથી કોઈ
લાગે છે કે તરસ્યો હવા પી ગયો
- જલન માતરી

એક ઘુંટડો આપો, આખો ઘટ નહીં માગું
રજકણથી રાજી હું પહોળો પટ નહીં માગું
- હરીશ મીનાશ્રુ

શૂન્યમાંથી આવીને શૂન્યમાં જવાનું છે
બે નદીના જળ વચ્ચે મારે જીવવાનું છે
- ભગવતીકુમાર શર્મા

સમ્રાટમાં નથી અને દરવેશમાં નથી
મારી મનુષ્યતા કોઈ ગણવેશમાં નથી
- ભગવતીકુમાર શર્મા

છેલ્લી ક્ષણે કોનો હતો ઝણકાર કોને ભાન છે
ઝાંઝર હતાં કે હતી તલવાર કોને ભાન છે
- જવાહર બક્ષી

ક્યાંય જવાની પહોંચવાની ઉતાવળ ના રહી
એમ સમજાયું જીવન કે કોઈ અટકળ ના રહી
- હર્ષ બ્રહ્મભટ્ટ

સમી સાંજે કરીને તાપણું બેઠા છે બંને જણ
કહે છે એકબીજાને હુંફાળી આ ક્ષણોને લણ
નહિતર આ તિખારા તો બધા હમણા ઊડી જાશે
વીતેલાં સહુ વરસ માફક ગણી તે તું, ગણું હું પણ
- હર્ષદ ત્રિવેદી

(શબ્દસૃષ્ટિમાંથી સાભાર)

## પૂર્વજોએ જે કર્યું એને અનુસરવું નથી નિર્ણયો ખોટા લઈ તકલીફમાં પડવું નથી



ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા બુધવારે રાત્રે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે મૉસમ પર આધારિત વિશિષ્ટ ગીત-સંગીતના કાર્યક્રમ 'ચૈતર વૈશાખના વાયરા'નું આયોજન કરવામાં આવ્યું હતું. ભૂમિક શાહ, દર્શના ગાંધી અને વૃંદ દ્વારા આ કાર્યક્રમ અંતર્ગત વિશિષ્ટ ગીત-સંગીતની પ્રસ્તુતિ કરવામાં આવી હતી અને અંકિત ત્રિવેદીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. (તસવીર : દિપક જાની)

# ગાંધીનગરમાં કલરવ દ્વારા ૩૦મી એપ્રિલથી બાલોત્સવ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરની જાણીતી બાલ સંસ્થા કલરવના ઉપક્રમે આગામી તા. ૩૦-૪-૧૨ થી તા. ૧૨-૫-૧૨ સુધી ૮ થી ૧૪ વર્ષના બાળકો માટે રંગમંચલક્ષી કલાઓની તાલીમ આપતી શિબિર ગાંધીનગરની સેન્ટ ઝેવિયર્સ સ્કુલ ખાતે યોજાશે. સવારના ૭.૩૦ થી બપોરના ૧૩-૦૦ સુધી યોજાનાર આ બાલોત્સવમાં (૧) રાજસ્થાની નૃત્ય (૨) દાંડિયારાસ (૩) ડાંગી નૃત્ય (૪) ગરબો (૫) સ્કીટ (૬) નાટક (૭) કથ્થક નૃત્ય (૮) ભરતનાટ્યમ (૯) ભાંગડા નૃત્ય (૧૦) નૃત્યનાટીકાની તાલીમ આપવામાં આવશે. દરેક કૃતિમાં માત્ર ૩૦ બાળકોને પ્રવેશ વહેલા તે પહેલાના ધોરણે અપાશે. આ અંગેના પ્રવેશપત્રો (૧) મહાવીર (અમુલ) પાર્લર, ઘ-૬ની પાસેથી સવારના ૯-૦૦ થી રાત્રીના ૯-૦૦ સુધી (૨) મિનાક્ષી ટ્રેડર્સ, ઘ-૫ પાસે તૃપ્તિ રેસ્ટોરેન્ટની બાજુમાંથી સવારના ૧૦ થી સાંજના ૫ સુધી તથા શ્રી અરિહંત વસ્ત્રાલય, સેક્ટર-૭, ઘ રોડ પાસેથી સવારના ૧૦ થી રાત્રિના ૮ સુધી મેળવી તા. ૨૭-૪-૨૦૧૨ (શુક્રવાર) સુધીમાં ભરીને તેજ સ્થળે પરત કરવાના રહેશે. પ્રવેશપત્રની કિંમત રૂ. ૧૦ અને શિબિર શુલ્ક રૂ. ૧૫૦ રહેશે. બાળકોને શિબિરમાં દુધબિસ્કિટનો નાસ્તો, કાર્યક્રમ વખતે કોસ્ચ્યુમ તથા પ્રમાણપત્ર વગેરે આયોજક સંસ્થા આપશે. રસ ધરાવતા બાળકોના તમામ વાલીઓને આ શિબિરના પ્રવેશપત્રો દર્શાવેલ સ્થળેથી મેળવીને સમયસર ભરીને પરત કરવા સંસ્થા તરફથી અનુરોધ કરાયો છે.

## સેકટર-૨૧ મસ્જિદમાં સ્પર્ધાત્મક પરીક્ષા માર્ગદર્શન સેમીનાર યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરમાં મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલ્ફેર એસોસિએશન (મેવા) અને સરોવર એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે સરકારી નોકરી માટેની સ્પર્ધાત્મક પરીક્ષા સંબંધી માર્ગદર્શન સેમીનાર ૧૫ મી એપ્રિલના બપોરે ૩.૦૦ કલાકે જુમ્મા મસ્જિદ પરપઝ હોલ, સેકટર-૨૧ ખાતે યોજવામાં આવેલ છે.

રસ ધરાવતા ઉમેદવારો તથા સમાજના સભ્યોને કાર્યક્રમમાં ઉપસ્થિત રહી ઉપયોગી માર્ગદર્શન મેળવવા આયોજક સંસ્થાઓ તરફથી અનુરોધ કરવામાં આવ્યો છે.



ભક્તિધામ, સૅક્ટર-૫ સી ખાતે આયોજિત શ્રીમદ્ ભાગવત કથા અંતર્ગત ભગવાનનાં વિવિધ સ્વરૂપોની ઉજવણી કરવાનો ક્રમ પણ ભાવપૂર્વક જાળવવામાં આવી રહ્યો છે. પ્રસ્તુત તસવીર કથા અંતર્ગત વામન પ્રાગટ્ય થયું તે પ્રસંગે લેવામાં આવી છે. બ્લ્યૂ બબલ્સ ઍકેડેમી, ગાંધીનગરના કલાકારો જિમેશ પટેલ (શુક્રાચાર્ય), બ્રિજરાજસિંહ ઝાલા (વામન) અને દિવ્યકાન્ત વર્મા (બલિ રાજા)એ વામનના ત્રીજા પગલાથી બલિરાજા પાતાળમાં સમાઈ જાય છે તે દ્રશ્ય સુંદર રીતે તાદશ્ય કર્યું હતું. (તસવીર : કમલેશ શાહ)

# 'ધરતી રત્ન'એવોર્ડ સાહિત્યકાર ગુલાબચંદ પટેલને અર્પણ



ગાંધીનગર, તા. ૧૨

આર્શીવાદ એજ્યુકેશન ટ્રસ્ટ અમદાવાદના ઉપક્રમે 'ધરતી રત્ન' એવોર્ડ (વર્ષ ૨૦૧૧-૧૨)નું વિતરણ મહામહિમ ડૉ. કમલા બેનીવાલના હસ્તે ગાંધીનગરના સાહિત્યકાર અને વ્યસનમુક્તિ અભિયાન પ્રણેતા શ્રી ગુલાબભાઈ એન. પટેલ (મોટેરાવાળા)ને શાલ ઓઢાડીને સ્મૃતિચિહ્ન સાથે રૂા. ૫૦૦૦નો ચેક અર્પણ થયો હતો. આ અવોર્ડ વ્યસન મુક્તિની પ્રસંશનીય કામગીરી માટે આપવામાં આવ્યો હતો.

આ ઉપરાંત ઓમ શાંતિ બ્રહ્માકુમારી વિશ્વવિદ્યાલય ગાંધીનગર કેન્દ્રના પ.પૂ. દીદીશ્રી કૈલાસ દીદીના હસ્તે સ્મૃતિચિહ્ન શ્રી ગુલાબચંદ પટેલને તા. ૧૦મી એપ્રિલના રોજ અર્પણ કરેલ હતું.

તદ ઉપરાંત મધુવન ફાર્મ હાઉસ, ગાંધીનગર મુકામે તા. ૧૧મી એપ્રિલના રોજ સ્વ. શ્રી બબાભાઈ નાથાભાઈ ચૌધરીની ૯૦મી જન્મજ્યંતિ પ્રસંગે વ્યસન મુક્તિ - પર્યાવરણ અને બેટી બચાવો લોકજાગૃતિ કાર્યક્રમમાં શ્રી ગુલાબચંદ પટેલને સન્માન શિલ્પ આપેલ હતું. શ્રી દિપકભાઈ ચૌધરી તથા શ્રીમતી સુરજબેન ચૌધરીના હસ્તે ધરતી રત્ન એવોર્ડ મેળવવા બદલ સન્માન કરવામાં આવેલ હતું.

આ પ્રસંગે શ્રી ગુલાબભાઈ પટેલે વ્યસનમુક્તિ કાર્યક્રમ વિદ્યાર્થીઓ, નાગરિકો સમક્ષ યોજલ હતો. જાણીતા સાહિત્યકારશ્રી કેશુભાઈ દેસાઈ, ડૉ. કલ્યાણસિંહ ચંપાવત, વનસંરક્ષક ડી.એસ.ઓ. શ્રી વ્યાસ, હાજર રહ્યા હતા. આ પ્રસંગે દીદી બ્રહ્માકુમારી શ્રી અંજનાદીદી ઉપસ્થિત રહીને આર્શીવાદ આપેલ હતા.

## આવતીકાલનો ઉજાસ



જીગીષા ગોવિંદભાઈ પારેજી
ધો-૧૨, બા શ્રી વસંતકુંવરબા કન્યા વિદ્યાલય

જીગીષા અભ્યાસ સાથે ઈતર પ્રવૃત્તિઓમાં પણ રસ ધરાવે છે. 'વાંચે ગુજરાત' અંતર્ગત રાજ્ય કક્ષાની ત્રિ-દિવસીય શિબિરમાં ભાગ લઈ તેણે પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યું છે. કલ્ચરલ ફોરમ આયોજિત વક્તૃત્ત્વ સ્પર્ધા અને પાદપૂર્તિ સ્પર્ધામાં અનુક્રમે પ્રથમ અને દ્વિતિય ક્રમનું વિજેતા પદ મેળવી શિલ્ડ પણ પ્રાપ્ત કર્યો છે. કેરિયર કૉર્નરમાં ઍસવીઍસ કક્ષાએ તેમજ જિલ્લા કક્ષાએ વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ અને તૃતિય સ્થાન પર વિજેતા બની તથા નિબંધલેખન સ્પર્ધામાં દ્વિતિય સ્થાનનું વિજેતાપદ મેળવ્યું છે.

# ગવર્નમેન્ટ આયુર્વેદિક કોલેજ ટીચર્સ એસોસિએશનના હોદ્દેદારો નિમાયા



ગાંધીનગર, તા. ૧૨

ગવર્નમેન્ટ આયુર્વેદિક કોલેજ ટીચર્સ એસોસિએશનની સાધારણ સભા તાજેતરમાં મળી હતી. જેમાં વર્ષ ૨૦૧૨-૧૩ના મંડળના હોદ્દેદારોની વરણી સર્વાનુમતે કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૧૨-૧૩ના મંડળના હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે સિન્ડીકેટ મેમ્બર, ડૉ. ગની કે. મનસુરી, ઉપપ્રમુખ તરીકે ડૉ. કે.કે. ઉપાધ્યાય, મહામંત્રી તરીકે ડૉ. મહાદેવ આર. જહા, સહમંત્રી તરીકે ડૉ. એમ.એન. શેખ, કોષાધ્યક્ષ તરીકે ડૉ. એ.જે. રાવત, સંગઠન મંત્રી તરીકે ડૉ. જી.જી. પંડ્યા, કારોબારી સભ્ય તરીકે ડૉ. એમ.એન. ઓરોપ્રેમી, ડૉ. કે.એમ. ચુડાસમા, ડૉ. જસ્મીન ઠાકર, ઈન્ટર્નલ ઓડીટર તરીકે ડૉ.એ.એસ. પંડ્યા તથા સલાહકાર સભ્ય તરીકે ડૉ. કે.બી. રોય, ડૉ. ચંદ્રકલા પંડિત અને ડૉ. કે.બી. શુક્લની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

# રાજસ્થાની જૈન યુવક મંડળ દ્વારા રવિવારે ભક્તિ સંગીતનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર રાજસ્થાની જૈન યુવક મંડળ દ્વારા આગામી રવિવાર, તા. ૧૫ એપ્રિલના રોજ નામક ભક્તિ સંગીતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગરના મંત્રી શોધન ગાંધીએ આ કાર્યક્રમની વિગતો આપતાં જણાવ્યું છે કે શાસનપતિ ભગવાન મહાવીર સ્વામી કલ્યાણક મહોત્સવની શાનદાર ઉજવણી પછીનો આ કાર્યક્રમ એ ગૃપનો આ વર્ષનો ચૉથો કાર્યક્રમ છે, જે રાજસ્થાની જૈન યુવક મંડળ, ગાંધીનગરના સૌજન્યથી યોજવામાં આવ્યો છે. 'એક શામ શ્રી નાકોડા ભૈરવ કે નામ' નામક આ કાર્યક્રમ



મોદી સમાજ વાડી (મૉઢેશ્વરી ભવન), પેથાપુર-રાંધેજા રોડ ખાતે રવિવારે સાંજે પાંચથી ૧૦ દરમ્યાન યોજાશે.

અમદાવાદના ખ્યાત સંગીતકાર ત્રિલોક મોદી, જીરાવાલા ભક્તિ મંડળની સંગતે શ્રી નાકોડાજી સ્થિત શ્રી નાકોડા પાર્શ્વનાથ ભગવાન તથા શ્રી નાકોડાજી ભૈરવનાં ભક્તિગીતોની ઑરકેસ્ટ્રાના માધ્યમથી રમઝટ બોલાવાશે.

આ પ્રસંગે આયોજિત સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લિમિટેડના સીઈઓ કમલ કિશોર જૈન ઉપસ્થિત રહેશે. અતિથિ તરીકે કેપીટીએલના પ્રૅસીડેન્ટ-ફાયનાન્સ કિશોરમલજી છાજેડ, જૈન સોશ્યલ ગૃપના સ્થાપક પ્રમુખ સૂર્યકાન્ત મહેતા, વર્તમાન પ્રમુખ આર ડી ગાંધી તથા સીઈઆરએના જનરલ મૅનેજર-ફાયનાન્સ પ્રેમચંદ સુરાણા ઉપસ્થિત રહેશે.

# ટચૂકડો દેહ પણ સેવાની ભાવના ઊંચી, ઉત્સાહ પહાડ જેવો !


## ક્નુભાઈ ત્રિવેદીની જરૂરિયાતમંદોને ઘેર સીધું-સામાન પહોંચાડવાની સેવાનો ઉપક્રમ છેલ્લા અઢી વર્ષથી નિયમિત ચાલે છે

## આ નિયમિતતા એટલે મહિનાની સુદ બારસે પિસ્તાલીસ પરિવારોને અને અમાસે પંચાવન પરિવારોને સીધું પહોંચતું કરવું

રમૂજી ટૂચકાઓની વિવિધ શ્રેણીઓ પૈકી કીડી અને હાથીના ટૂચકાઓ હમણાં હમણાં ઘણા લોકપ્રિય થયા છે. મારા એક મિત્રના ઘરે હું બેસવા ગયો ત્યારે તેના પૌત્રે મને આ શ્રેણીમાંનો એક રમૂજી ટૂચકો ક્હી સંભળાવ્યો, એક કીડી અને હાથી પાકા મિત્રો હતા. એક દિવસે કીડીને ચિંતાતૂર વદને હાંફળી ફાંફળી દોડી જતી જોઈ અન્ય કીડીએ તેની વ્યગ્રતાનું કારણ પૂછ્યું તો પેલી કીડી ક્હે કે મારા મિત્ર હાથીને અકસ્માત થયો છે, ઑપરેશન કરવું પડ્યું છે અને લોહી ચડાવવાની તાત્કાલિક જરૂર છે તેથી લોહી આપવા જાઉં છું. ખેર ! તે સમયે તો બાળક્ની સાથે થોડું હસી લીધું પણ પછીની જ ક્ષણે સવાલ થયો કે આ તે જોક છે કે બોધક્થા છે ? વિચારી જોયું તો ટૂચકામાં હાસ્ય અલ્પ અને ગંભીરતા ભરપૂર લાગી. ભરપૂર એટલે ભવ સુધારી તેટલી - જો સમજી જવાય તો ! વાતછે સેવાની ભાવનાની. ટચૂકડો દેહ પણ સેવાની ભાવના ઊંચી, ઉત્સાહ પહાડ જેવો ! છે ને લાગણીશીલ માણસના હૃદયને સ્પર્શી જાય તેવી વાત ? આ વાત બીજા કોઈને સ્પર્શે કે ન સ્પર્શે પણ ગાંધીનગરના એક ભાઈને એ હાડોહાડ સ્પર્શી ગઈ. આપણે કીડી કરતાંય ઉતરતા ? રમૂજી ટૂચકાએ ગંભીર વિચારોને જન્મ આપ્યો. સેવાની ભાવના આળસ મરડીને બેઠી થઈ. સારા વિચારો આવવા એ પણ સજ્જનની નિશાની છે.

આ સજ્જન એટલે સૅક્ટર-૨૨, વાસ્તુનિર્માણ સોસાયટીમાં રહેતા શ્રી ક્નુભાઈ ત્રિવેદી. મૂળ વતન મૉડાસા. આરોગ્ય અને પરિવાર ક્લ્યાણ વિભાગના સૅક્શન અધિકારી પદ પરથી ૧૯૯૮માં સેવા નિવૃત્ત થયા. પિતાની કર્મકાંડી. કર્મકાંડનો વારસો મળ્યો. વધારામાં જ્યોતિષ વિદ્યા શીખ્યા. પણ તેમની સાચી ઓળખ એટલે ગાંધીનગરના એક નખશિખ વિશુદ્ધ કર્મકાંડી બ્રાહ્મણ. ! સત્યનારાયણની કથા, નવચંડી, ગીતા પાઠ, લઘુરૂદ્ર, મહારૂદ્ર, વાસ્તુ, લગ્ન વિગેરે જેવા પ્રસંગોમાં તેમની હાજરી અનિવાર્ય ! પણ મારે વાત કરવી છે ક્નુભાઈ ત્રિવેદીના મનમાં સ્ફૂરેલા સેવાના એક નવતર પ્રયોગની.

કાળઝાળ મોંઘવારીમાં તમાચો મારીને ગાલ લાલ રાખતા કેટલા પરિવારો હશે આ ગાંધીનગરમાં ? ઘરમાં હાંલ્લાં કુસ્તી કરે તેવી પરિસ્થિતિ, ન ખર્ચના બે છેડા ભેગા થઈ શકે, ન ભીખ માંગી શકાય ! માંગતા તો બધો મર્મ છુટે એવી નરસૈંયા જેવી ખુમારી. માણસ કરે તો પણ શું કરે ? બીજો કોઈ સામાન્ય માણસ હોય તો મધ્યમ વર્ગના પરિવારોની આવી સ્થિતિ વિશે થોડી ચિંતા જતાવે, થોડી સહાનુભૂતિ બતાવે પણ આપણા ક્નુભાઈએ તો કંઈક નવું જ કરી બતાવ્યું. દરિદ્રનારાયણની ખુમારીય યથાવત્ રહે અને દરિદ્રતાને વધુ તારતાર થતી બચાવી શકાય તેવો અદ્ભૂત માર્ગ શોધી કાઢ્યો. આવા પરિવારોને સીધું-સામાન એટલે કે રાંધી શકાય એવું કાચું અનાજ અને અન્ય ખાદ્ય સામગ્રી જેવી કે લોટ, ઘી, તેલ, ખાંડ, ગૉળ, દાળ, ચોખા અને મસાલા ઘરે જ પહોંચાડી શકાય તેવી યોજનાની વાત મિત્રો અને સેવાભાવી માણસોના કાને નાંખી. સીધાં મળવા લાગ્યાં. લાભાર્થીઓની શોધ ચાલુ થઈ, કથા-વાર્તા દરમિયાન ભાવિક શ્રોતાબહેનોને પૂછીને જાણી લીધું કે તેમના વિસ્તારમાં કે પરિચયમાં આવા ક્યા પરિવારો છે. બસ પછી તો પૂછવું જ શું ? ક્નુભાઈ સીધું-સામાન લઈને પહોંચી જાય તેવા



**આગવો માણસ - આપણો માણસ**

gsrelation@yahoo.com - કિશોર જીકાદરા

ઘરે ! સેવાનો આ ઉપક્રમ છેલ્લા અઢી વર્ષથી નિયમિત ચાલે છે. આ નિયમિતતા એટલે મહિનાની સુદ બારસે પિસ્તાલીસ પરિવારોને અને અમાસે પંચાવન પરિવારોને સીધું પહોંચતું કરવું. પ્રારંભમાં જે લોકો સીધું આપવા ઇચ્છતા હોય તેમને ઘરે જઈ ક્નુભાઈ સીધું મેળવી લેતા. પણપછીથી ક્નુભાઈની ૭૨ વર્ષની જૈફ ઉંમર અને વયસહજ તકલીફો જોઈ લોકો જ એમને સામગ્રી પહોંચાડતા થયા. જેમને સીધું લાવવું કે આપવું ન ફાવે તેવા સેવાભાવી માણસો માટે ક્નુભાઈ પાસે બીજી યોજના ય હતી. એક સીધું એટલે પચાસ રૂપિયા. જો કોઈ આવી રીતે સીધાના પર્યાય તરીકે રોકડ રક્મ આપે તો તેનો પણ સ્વીકાર. આમ કરવા જતાં ક્નુભાઈને એક કામ વધ્યું અને તે રોકડેથી અનાજ વિગેરે ખરીદવાનું. પણ થાકે તે બીજા. તેમના આ સેવાકાર્યમાં તેમનાં ધર્મપત્ની શાંતાબેનનો પૂરેપૂરો સહકાર. જુગતે જોડી, જાણે શંકર-પાર્વતી ! સેવાનું કામ અને રોકડ રક્મ, નાજુક પ્રશ્નો ઊભા થવાની પૂરી શક્યતા. પણ સેવાલ પહેલાં તેનો છેદ ઉડાડવાની ક્નુભાઈની પૂરી તૈયારી. કરિયાણાની દુકાનનાં પાકાં બિલો મેળવી લે એટલે તમામ શંકાઓનું નિર્મૂલન ! હ્વે સેવાના આ ઉપક્રમમાં થોડો ફેરફાર થયો છે. ૪૦-૫૦ કિલો જેટલું વજન એક સાથે સાયક્લ પર લઈ જવું અઘરું પડતું હોઈ કેટલીક સેવાભાવી બહેનો તેમના પરિચયમાં, સગામાં કે આડોશપાડોશમાં રહેતા હોય તેવા પરિવારો માટે સીધું ક્નુભાઈ પાસેથી મેળવી લે છે. સીધું દેવાવાળા અને મેળવવાવાળા આવે છે, જાય છે. પણ જમણા હાથે થયેલું દાન ડાબો હાથ જાણતો નથી. વિશ્વાસે વહાણ ચાલે છે. કોનું અન્નદાન અને કોણ લાભાર્થી ? કોઈ રેકર્ડ રખાતો નથી. સેવાનો સંતોષ મોટી વસ્તુ છે. ભાવનગર સુધી પહોંચ્યા છે, ડાકોર સુધી પહોંચ્યા છે. સેવાની સુવાસ દૂર સુધી પ્રસરી શક્યાનો આ પુરાવો છે. અન્નદાન સાથે હવે જૂનાં, પણ પહેરી શકાય તેવાં વસ્ત્રોનું દાન સ્વીકારવાનું પણ ચાલુ ક્ર્યું છે. છેલ્લાં ત્રણેક વર્ષથી જીવક્લ્યાણ સંસ્થાની રચના કરી છે. સંસ્થાનો હેતુ ભૂચર, ખેચર કે જળચર જેવા જીવોના દુખમાં સહાયભૂત થવાનો તથા તેમના ક્લ્યાણનો છે. પહેલાં તેઓ રાત્રે નવથી સવારના નવ સુધી મૌન રાખતા, પછી દર જાન્યુઆરીથી બંને તરફ પંદર પંદર મિનિટ વધારતા જતાં અત્યારે ક્નુભાઈ સાંજે સાડા સાતથી સવારે સાડા દસ સુધી મૌન પાળે છે. તેમનું માનવું છે કે મૌનમાં ગજબની તાકાત છે. મૌન દરમિયાન શુદ્ધ વિચારો આવે છે. ચૅરિટી બીગેન્સ ઍટ હોમના ન્યાયે પહેલા તેઓ કર્મકાન્ડની દક્ષિણાના પાંચ ટકા રક્મ ધર્માદામાં વાપરતા, હવે આ રક્મ ૧૦ ટકા કરી છે. આ ઉપરાંત દરરોજના ૫૧ રૂપિયા લેખે વરસે દહાડે રૂપિયા ૧૮૬૧૫ જેવી રક્મ તેઓ દાન-ધર્મ પાછળ વાપરે છે. દક્ષિણાની આવક આઇટી રિટર્નમાં દર્શાવે છે.

તેઓ રૂદ્રાભિષેક મંડળ, ગાંધીનગરના આચાર્ય છે. મંડળના સભ્યોના નિવાસે નિ:શુલ્ક રૂદ્રીપાઠ કરે છે. અત્યાર સુધીમાં તેમણે ૨૭ જેટલા મહારૂદ્ર અને એકસોથી પણ વધારે લઘુરૂદ્ર કરાવેલ છે. નાના સમૂહમાં તેઓ ભાગવત કથા પણ કરે છે. તેઓ માને છે કે જેનો જન્મ છે તેનું મૃત્યુ પણ નિશ્ચિત છે. પણ આજકાલ દૉડધામભરી જિંદગીમાં મૃત્યુનો મલાજો જળવાતો નથી. મૃત્યુ નજીક હોય ત્યાંથી લઈ ઉત્તરક્રિયા સુધીના શાસ્ત્રોક્ત વિધિવિધાન અંગે વિસ્તૃત જાણકારી લોકો સુધી પહોંચે તે માટે તેમણે લેખમાળા પણ પ્રકાશિત કરી છે. મધ્યમ વર્ગના પરિવારોના રસોડાની આબરૂ સાચવતા, આ છે આપણા ક્નુભાઈ, આગવા ક્નુભાઈ !

*હું મારા હાથને ફેલાવું તો તારી ખુદાઈ દૂર નથી, હું માંગું ને તું આપી દે એ વાત મને મંજૂર નથી.*
*- નાઝિર દેખૈયા*